પાટનગરનું પોતાનું અખબાર

# ગાંધીનગર સમાચાર

Gandhinagar વર્ષ : (૩૧) અંક નં. ૩૨૦ | ૧ ફેબ્રુઆરી, ૨૦૧૭, બુધવાર ; મહા સુદ - ૫ | પાનાં - ૮ કિંમત રૂ. ૧.૮૦

# અપેક્ષાઓના ભાર વચ્ચે આજે બજેટ

## મેક ઇન ઇન્ડિયા કોન્સ્ટેપ્ટ અને કૃષિ પર મુખ્ય ધ્યાન અપાય તેવી શક્યતા : જુદા જુદા ક્ષેત્રો દ્વારા કરાયેલી માંગ બાદ કોને શું મળશે તેને લઇ સસ્પેન્સ : નોટબંધી બાદ અર્થતંત્રમાં આવેલી મંદીને દુર કરવા માટે પણ પડકાર



નવીદિલ્હી,તા. ૩૧

નાણાંપ્રધાન અરૂણ જેટલી આવતીકાલે કરોડો લોકોની અપેક્ષા અને તમામ ક્ષેત્રોના ઉદ્યોગોની ઉત્સુકતા વચ્ચે વર્ષ ૨૦૧૭-૧૮ માટેનુ સામાન્ય બજેટ રજૂ કરવા જઇ રહ્યા છે. અનેક પ્રકારની લોકોની અપેક્ષા અને અનેક પ્રકારના જટિલ પડકારો વચ્ચે નાણાંપ્રધાન અરૂણ જેટલી બજેટ રજૂ કરશે. બજેટમાં દેશના તમામ વર્ગને રાજી રાખવાની બાબત તેમના માટે સરળ રહેશે નહી.જેટલી મુળભૂત મુક્તિ મર્યાદાને વર્તમાન ૨.૫૦ લાખથી વધારીને ૨.૭૫ લાખ કરી શકે છે. આ વખતે નોટબંધીના કારણે આર્થિક વિકાસની ગતિ ધીમી પડી છે. સાથે સાથે મોટા ભાગના ક્ષેત્રોમાં પણ મંદી આવી છે. આવી સ્થિતીમાં આરોગ્ય, કૃષિ, શિક્ષણ, ઈન્ડસ્ટ્રીઝ અને અન્ય તમામ જરૂરી સેકટરોની માગને પૂર્ણ કરવા માટે જેટલી સંતુલિત પ્રયાસ કરે તેમ માનવામાં આવે છે. સામાન્ય લોકો હાલમાં નોટબંધીના કારણે ખુબ મુશ્કેલીમાંથી પસાર થઇ ચુક્યા છે. જેથી તેમના માટે પણ કેટલીક આકર્ષક રાહત જાહેર કરવામાં આવી શકે છે. પગારદાર વર્ગ દ્વારા પણ અપેક્ષા રાખવામાં આવી રહી છે. બજેટમાં બચતને પ્રોત્સાહન આપવામાં આવી શકે છે.

● અનુસંધાન પાન-૭ પર

## દેશના યુવાનો ઈચ્છે છે ઓછી ફી, સસ્તા ગેજેટ

### મોટાભાગના વિદ્યાર્થીઓ તેમજ પ્રોફેશનલો યૂથલક્ષી બજેટની ઈચ્છા રાખે છે : રોજગારી ઉપર ધ્યાનની માંગ



નવી દિલ્હી,તા. ૩૧

નાણામંત્રી અરુણ જેટલી આવતીકાલે બુધવારના દિવસે સંસદમાં વર્ષ ૨૦૧૭-૧૮ માટેનું સામાન્ય બજેટ રજૂ કરનાર છે ત્યારે યંગ ઈન્ડિયાની ઈચ્છા શું છે તે જાણવાના પ્રયાસ કરવામાં આવતા ઘણી બાબતો જાણવા મળી છે. મોટાભાગના યુવા પેઢીના લોકો બજેટમાં એજ્યુકેશન ફીમાં ઘટાડો કરવા, ઈલેક્ટ્રોનિક ગેજેટ સસ્તા કરવા અને રોજગારી ઉપર વધારે ધ્યાન કેન્દ્રિત કરવાની ઈચ્છા રાખે છે. ઘણા વિદ્યાર્થીઓ અને પ્રોફેશનલો જે બજેટને લઈને વાત કરી ચુક્યા છે તેમની ઈચ્છા છે કે, તેઓ એમ ઈચ્છે છે કે, જેટલી યૂથ ઓરિયેન્ટેડ બજેટ અથવા તો યુવાલક્ષી બજેટ રજૂ કરે જેમાં ઉચ્ચ શિક્ષણથી વંચિત રહી જતાં વિદ્યાર્થીઓને મદદરુપ થાય તે પ્રકારના પગલા જાહેર કરવામાં આવે.

# આર્થિક સર્વેમાં વિકાસ દર ૬.૭૫થી ૭.૫૦ ટકા અંદાજાયો

### ઇતિહાસમાં પ્રથમ વખત રાષ્ટ્રપતિના ભાષણ બાદ આર્થિક સર્વે રજૂ કરવામાં આવ્યો : કૃષિ ક્ષેત્ર વૃદ્ધિદર ૪.૧, ઔદ્યોગિક ક્ષેત્રનો વૃદ્ધિદર ૫.૨ ટકા રહેશે

નવી દિલ્હી, તા.૩૧

સંસદનું બજેટ સત્ર આજે શરૂ થયું હતું. બજેટ સત્રની શરૂઆત થયા બાદ રાષ્ટ્રપતિ પ્રણવ મુખર્જીના સંસદના બંને ગૃહોના સંયુક્ત સત્રને સંબોધન બાદ નાણામંત્રી અરુણ જેટલીએ બજેટ પહેલા મહત્વપૂર્ણ ગણાતા આર્થિક સર્વેને રજૂ કરીને ચિત્ર સ્પષ્ટ કર્યું હતું. ભારતના ઈતિહાસમાં પ્રથમ વખત બન્યુ છે જ્યારે રાષ્ટ્રપતિના ભાષણ બાદ તરત જ આર્થિક સર્વે રજૂ કરી દેવામાં આવ્યો હતો. જેટલીએ આર્થિક સર્વે રજૂ કરતા તેમાં કેટલીક બાબતોનો સ્પષ્ટપણે ઉલ્લેખ કરવામાં આવ્યો છે જેમાં જીડીપી વિકાસદર વર્ષ ૨૦૧૭-૧૮માં ૬.૭૫ ટકાથી ૭.૫ ટકા રહેવાનો અંદાજ મુકવામાં આવ્યો છે. આવી જ રીતે વર્ષ ૨૦૧૬-૧૭ના જીડીપીને લઈને કેટલીક ચિંતાજનક બાબતોનો ઉલ્લેખ પણ કરવામાં આવ્યો છે. નોટબંધી બાદ વર્ષ ૨૦૧૭-૧૮માં જીડીપી વૃદ્ધિ દર ૬.૭૫ ટકાથી લઈને ૭.૫ ટકા રહેવાનો અંદાજ મુકાયો છે. ચાલુ નાણાંકીય વર્ષમાં કૃષિ ક્ષેત્રનો વૃદ્ધિદર ૪.૧ ટકા રહેશે. વર્ષ ૨૦૧૫-૧૬માં કૃષિ ક્ષેત્રનો વૃદ્ધિદર ૧.૨ ટકા રહ્યો હતો. આર્થિક સમીક્ષામાં અંદાજ મુકવામાં આવ્યો છે કે, પ્રધાનમંત્રી ગરીબ કલ્યાણ યોજના, ક્રૂડની ઘટતી કિંમતથી મહેસુલી લાભ થવાની શક્યતા છે. ૨૦૧૭-૧૮ માટે અંદાજ મુકવામાં આવ્યો છે કે, આર્થિક વિકાસ હવે સામાન્ય થશે. કારણ કે નવી નોટ પુરતા પ્રમાણમાં બજારમાં આવી ચુકી છે. નોટબંધીને લઈને આગળની કાર્યવાહી કરવામાં આવી ચુકી છે. નકારાત્મક નિકાસ વૃદ્ધિનો અંદાજ ૨૦૧૬-૧૭ દરમિયાન કેટલીક હદ સુધી બદલાયો છે અને નિકાસ ૦.૭ ટકા વધીને ૧૯૮.૮ અબજ સુધી પહોંચી ગઈ છે. વર્ષ ૨૦૧૬-૧૭ના પ્રથમ ત્રિમાસિક ગાળા દરમિયાન

● અનુસંધાન પાન-૭ પર

# સર્જિકલ હુમલા અને નોટબંધીનો નિર્ણય ખુબ જ સાહસી : રાષ્ટ્રપતિ

### સંસદના બંને ગૃહોના સંયુક્ત સત્રને રાષ્ટ્રપતિ દ્વારા સંબોધન : સંબોધનમાં પ્રણવ મુખર્જીએ મોદી સરકારની સિદ્ધિઓ ઉપર પ્રકાશ ફેંક્યો સબકા સાથ સબકા વિકાસના મંત્ર સાથે સંબોધનની શરૂઆત અને સમાપન

નવી દિલ્હી, તા.૩૧

રાષ્ટ્રપતિ પ્રણવ મુખર્જીએ આજે બજેટ સત્રના પ્રથમ દિવસે સંસદના બંને ગૃહોને સંબોધન કર્યું હતું. જેમાં રાષ્ટ્રપતિએ નોટબંધી અને સર્જિકલ હુમલા જેવા સાહસી નિર્ણય લેવા બદલ સરકારની પ્રશંસા કરી હતી. પ્રણવ મુખર્જીએ સ્વતંત્ર ભારતમાં પ્રથમ વખત બજેટ સત્રને સમય કરતા પહેલા રજૂ કરવા અને તેની સાથે સાથે રેલવે બજેટને મર્જ કરી દેવાનો ઉલ્લેખ કર્યો હતો. તેમણે કહ્યું હતું કે, લોકશાહીના આ ઉત્સવના મૂલ્ય અને સંસ્કૃતિ દેશના લાંબા ઈતિહાસના દરેક દોરમાં ફળદાયી પરિણામ આપતા રહેશે. તેમના સંબોધનની શરૂઆત અને સમાપન સબકા સાથ, સબકા વિકાસના મંત્ર સાથે થઇ હતી. બજેટ સત્રના પ્રથમ દિવસે સંસદના બંને ગૃહોના સંયુક્ત સત્રને સંબોધતા રાષ્ટ્રપતિએ કહ્યું હતું કે, આ એક ઐતિહાસિક સંયુક્ત સત્ર છે. જેમાં સ્વતંત્ર ભારતમાં પ્રથમ વખત બજેટ સત્રના નિર્ધારિત સમયને વહેલી તકે રજૂ કરવાની પરંપરા શરૂ કરવામાં આવી છે. સામાન્ય બજેટની સાથે સાથે રેલવે બજેટને મર્જ કરવાની શરૂઆત થઇ છે. મુખર્જીએ કહ્યું હતું કે,અમે એક એવા લોકશાહી ઉત્સવ માટે એકત્રિત થયા છે જેના પરિણામ લાંબા ગાળે ભારતને મળતા રહેશે તથા સાથે સાથે વિશ્વમાં ભારતની પ્રતિષ્ઠા પણ વધશે. સરકારને સબકા સાથ, સબકા વિકાસના મંત્ર સાથે આગળ વધવાની જરૂર છે. રાષ્ટ્રપતિએ પોતાના ભાષણના અંતમાં કહ્યું હતું કે, ગરીબ નાગરિકો દ્વારા સંસદ જેવી પવિત્ર સંસ્થા પ્રત્યે દર્શાવવામાં આવેલા વિશ્વાસને જાળવવાની જરૂર છે. તેમણે એમ પણ કહ્યું હતું કે, અમારા દરેક પગલા લોકશાહીના આ મંદિરમાં દેશના નિર્માણ માટે કરવામાં આવેલા બલિદાનની પરિભાષા દર્શાવે છે. સબકા સાથ સબકા વિકાસની ભાવના સાથે આગળ વધવાની બાબત ખુબ મહત્વપૂર્ણ બની ગઈ છે. રાષ્ટ્રપતિએ અન્ય વિવિધ વિષયો ઉપર પણ વાત કરી હતી જેમાં ભારત દ્વારા કરવામાં આવેલા પોકમાં સર્જિકલ હુમલા, નોટબંધીનો સમાવેશ થાય છે. રાષ્ટ્રપતિએ કૃષિ ક્ષેત્રમાં સંપૂર્ણ વિકાસ પર સરકારનું ધ્યાન કેન્દ્રિત હોવાની ખાતરી આપતા કહ્યું હતું કે, સરકારની સક્રિયતાના લીધે આજે કઠોળની કિંમતો સંપૂર્ણપણે કાબૂમાં છે.



● અનુસંધાન પાન-૭ પર

# અંતે જલીકટ્ટૂને સુપ્રીમની મંજુરી

### નોટિફિકેશન પરત ખેંચી લેવા કેન્દ્ર સરકારને પણ મંજુરી : કાયદામાં હાલમાં સુધારા પર સ્ટેનો ઇન્કાર

નવી દિલ્હી,તા. ૩૧

તમિળનાડુમાં જલીકટ્ટૂને સુપ્રીમ કોર્ટે મંજુરી આપી દીધી છે. જો કે, કાયદો અને વ્યવસ્થાની સ્થિતિને જાળવી રાખવા માટે સુપ્રીમ કોર્ટે રાજ્ય સરકારને સ્પષ્ટ સૂચના આપી છે. સુપ્રીમ કોર્ટે આજે તમિળનાડુ દ્વારા કરવામાં આવેલા કાયદામાં સુધારા ઉપર સ્ટે મુકવાનો ઈન્કાર કરી દીધો હતો. જલીકટ્ટૂને મંજુરી આપવા સાથે સંબંધિત સુધારો હાલ કરવામાં આવ્યો હતો. સાથે સાથેસુપ્રીમ કોર્ટે જલીકટ્ટૂ અંગે સાતમી જાન્યુઆરી ૨૦૧૬ના દિવસે જારી કરવામાં આવેલા નોટિફિકેશનને પાછુ ખેંચી લેવા કેન્દ્ર સરકારને પણ મંજુરી આપી હતી. વધુમાં સુપ્રીમ કોર્ટે નવા કાયદાને પડકાર ફેંકીને પેન્ડિંગ રહેલી અરજીઓમાં સુધારા કરવા વ્યક્તિગતોને તથા માનવ અધિકાર સાથે સંકળાયેલી સંસ્થાઓને મંજુરી આપી દીધી છે. તમિળનાડુમાં કાયદો અને વ્યવસ્થાની સ્થિતિને જાળવી રાખવાની જવાબદારી સરકારની રહેશે. બીજી બાજુ તમિળનાડુમાં વિરોધ પક્ષો અને અન્યોની માંગણી સમક્ષ ઝુંકીને તમિળનાડુ સરકારે મરીના ખાતે તાજેતરમાં જલીકટ્ટૂ તરફી આંદોલન દરમિયાન ભડકેલી હિંસા તરફ દોરી જતાં સંજોગોમાં તપાસ કરવા પંચની રચનાની જાહેરાત કરી છે. મુખ્યમંત્રી પનીરસેલ્વમે કહ્યું છે કે, ત્રણ મહિનાની અંદર તપાસને

● અનુસંધાન પાન-૭ પર

## ન્યુઝ ટ્રેક

### શિવપાલ યાદવ ૧૧મી માર્ચે નવો પક્ષ રચશે




સમાજવાદી પક્ષના પૂર્વ પ્રમુખ અને મુલાયમસિંહના ભાઈ શિવપાલ યાદવ યુપીની ચૂંટણી બાદ ૧૧મી માર્ચે નવો રાજકીય પક્ષ રચશે. જશવંતનગરમાં ઉમેદવારી પત્ર ભર્યા બાદ સમર્થકોને સંબોધતા શિપવાલે કહ્યું હતુ કે નેતાજીનું અપમાન સહન નથી થતુ.

### સોનિયા ગાંધી પ્રચાર નહીં કરે




કોંગ્રેસ સમાજવાદી પક્ષના ગઠબંધન બાદ સોનિયા ગાંધી પણ ચૂંટણી પ્રચાર નહીં કરે એમ કોંગ્રેસના વર્તુળોએ જણાવ્યુ હતુ. આ અગાઉ સપાના સુપ્રીમો મુલાયમસિંહે પણ પ્રચાર નહી કરવાની જાહેરાત કરી હતી.

### સંસદભવનમાં ઈ અહમદ પર હૃદયરોગનો હૂમલો



સસંદના શિયાળુ સત્રના પ્રારંભે રાષ્ટ્રપતિના સંબોધન સમયે વરિષ્ઠ સાંસદ ઈ અહમદ પર હૃદયરોગનો હૂમલો થતાં તાત્કાલિક આર.એમ.એલ. હોસ્પિટલમાં ખસેડાયા હતા. સ્થિતિ નાજુક હોવાનું હોસ્પિટલના સુત્રોએ જણાવ્યુ હતુ.

### પ્રિયંકા ચોપરા વિશ્વની ૧૫૦ ફેશનેબલ મહિલાઓમાં



બોલિવુડની જાણીતા અભિનેત્રી પ્રિયંકા ચોપરાને હાર્પર બજારની બેસ્ટ ૧૫૦ ફેશનેબલ મહિલાઓની યાદીમાં સ્થાન મળ્યું છે. તાજેતરમાં પ્રિયંકા સતત બીજી વાર પીપલ્સ ચોઈસ એવોર્ડસથી સન્માનિત કરાઈ હતી.

### 'રઈશ' અને 'કાબિલ'ને ૧૭૨ કરોડની કમાણી




સોમવાર સુધીમાં શાહરૂખ-ઋત્વિકની ફિલ્મોએ સાથે મળી ૧૭૦ કરોડની કમાણી કરાવ્યાનો આંકડો બહાર આવ્યો છે. શાહરૂખની રઈશ ૬ દિવસમાં ૧૦૦ કરોડનો આંકડો પાર કરવામાં સફળ રહી ત્યારે ઋત્વિકની કાબિલે ૬ દિવસમાં ૭૨ કરોડની કમાણી કરી છે.

### પાંડુરંગદાદાના ધર્મપત્નિ નિર્મલાતાઈનું નિધન



સ્વાધ્યાય પરિવારના સ્થાપક પાંડુરંગદાદાના ધર્મપત્નિ નિર્મલાતાઈનું દેહાવસાન સોમવારે સાંજે થયુ હતુ.

ROOPKALA
The silver shop
માત્ર ચાંદીનો શો-રૂમ
199, District Shopping Center, Nr. Bank of Baroda,
Sector - 21, Gandhinagar, Ph.232 48225
તમામ ક્રેડીટ / ડેબીટ કાર્ડ આવકાર્ય

જોઈએ છે
● મેડીકલ ઓફીસર (MBBS, BSAM, BHMS) પાર્ટ ટાઈમ / ફુલટાઈમ
● સ્ટાફ નર્સ (GNM)
● લેબોરેટરી ટેકનીશીયન (MLT)
મળો યા લખો
ડો. રાજેન્દ્ર આનંદ
મેડીકલ સુપ્રિટેન્ડેન્ટ
ફોન : ૯૮૨૪૦ ૧૭૪૦૦, ૯૮૭૯૨ ૨૬૪૭૭
કનોરિયા હોસ્પિટલ
ભાટ ગામ, ઈન્દીરાબ્રીજના છેડે, ગાંધીનગર

ધ્યાન માટેના માસ્ટરકલાસીસ - દાજી સાથે
તા. ૧,૨,૩ ફેબ્રુઆરી ૨૦૧૭
નિ:શુલ્ક માસ્ટરકલાસીસ ફેબ્રુઆરી
ચાલો ધ્યાન કરીએ
પહેલાં કરતાં પણ વધારે
હાર્ટફુલનેસના પ્રણેતા શ્રી કમલેશ ડી. પટેલ (દાજી) દ્વાર ધ્યાનના અનુભવ માટે
સ્થળ : શ્રી રામ ચંદ્ર મિશન, પ્લોટ નં-૩૨૬, સેકટર-૮/બી,
ફોન નં. - ૮૪૬૯૭૪૭૫૨૨
સમય : સવારે - ૯:૦૦, બપોરે -૧૪:૦૦, સાંજે-૧૯:૦૦ કલાકે
નિ:શુલ્ક ઓનલાઈન રજીસ્ટ્રેશન કરાવવા માટે :
Heartfulness masterclass   www.heartfulness.org/masterclass
Through meditation, harmony
Toll Free : 1 800 103 7522